# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

અશ્રુ એ પુરવાર કરતાં હોય છે, આંખમાં સાચી સભરતા હોય છે.
કોઈના અનુરોધ પર નિર્ભર નથી, પુષ્પ આપોઆપ ઝરતાં હોય છે.
છીછરું જળ હોય કે ઊંડો ધરો, મત્સ્ય સાંગોપાંગ તરતાં હોય છે.
ઊર્ધ્વતા બસ હોય છે શિખરો સુધી, સૌ પછી નીચે ઉતરતાં હોય છે.

- કુમાર જૈમિની શાસ્ત્રી

## પાથેય

- રમેશ ઠક્કર

### સભરતાનું કાવ્ય...

આપણે સહુ એક કોલાહલ વચ્ચે જીવીએ છીએ...માણસને ભીડ ગમતી હોય છે.ટોળું એ એનો આગવો મિજાજ છે.એકમેકની નજીક જીવતા લોકો બાહય રીતે એકબીજા સાથે જોડાયેલા હોય એવું લાગે પરંતુ હકીકતમાં વાત કંઈક અલગ જ હોય છે..ભીડ કે કોલાહલની વચ્ચે પણ માણસ વાતચીત શોધતો હોય એવું પણ બને ! પાસપાસે તોય કેટલાં જોજન દૂરનો આપણો વાસ..એવું કહેવામાં જે સંવેદના છે એ સાર્વત્રિક હોય છે.જાહેરમાં એકબીજાને ગળે વળગીને વ્હાલ કરતો માણસ સપાટી ઉપરના સ્પર્શથી ભાગ્યે જ આગળ વધતો જોવા મળે છે..છેક ઘરના આંગણે સુધી આવી જતા માણસને બહારથી જ શાબ્દિક આગતાસ્વાગતા કરી "આવો ફરી કયારેક બેસી શકાય એમ..!" એવું કહી દેતા લોકો ઠાવકાઈથી મળવાની મુળ ભાવનાને કુઠારાઘાત આપે છે..આ રીતે વર્તતા લોકો વચ્ચે સહજ લાગણીનો સંચાર કઈ રીતે થઈ શકે ? અને એટલે જ એવું બની શકે કે જગતની દ્રષ્ટિએ નજદીક લાગતા માણસો વચ્ચેના ભેદ એટલા ઘેઘૂર હોય છે કે એને ભેદવાનું કામ કઠીન બની જાય છે..


આહાર એટલે કે ભૂખ એ પ્રાણીમાત્રની પ્રાથમિક જરૂરિયાત હોય શકે એ જ રીતે લાગણી કે પ્રેમ માટેની ભૂખ એ પણ દરેકને સતાવતી હોય છે..માણસ કોઈકનો સહચાર ઝંખે છે..કોઈકની સાથે મોકળા મને વાત કરવાની એને તાલાવેલી હોય છે..કેટલાક લોકો આ ભાવને સંયમિત રીતે પ્રગટ કરી શકે છે..જગતમાં એવા લોકો પણ હોય છે જેમની લાગણી કે પ્રેમ માટેની ઝંખના અત્યંત તીવ્ર અને બોલકી હોય છે..આવા લોકોને આપણે લાખણીભૂખ્યા કહીએ છીએ..મજાની વાત એ છે કે કોઈકની લાગણી માટે સતત તરસતો માણસ અન્યને એ આપવા માટે એટલો ઉદાર હોતો નથી ! પોતાની સાચી નોંધ લેવાય..કોઈક આવીને પ્રેમનો એક અણસાર આપી જાય એ માટેની તીવ્રતા જાણેઅજાણે આપણા સહુની એક સહજ અભિપ્સા બની જાય છે..આતુરતા એ દરેકને સતાવતી વાત છે..કવિઓ લેખકો કે સર્જકો જૈને આપણે અત્યંત સંવેદનશીલ માણસો કહીએ છીએ એવા લોકોમાં એ બેહદ તીવ્ર હોય છે..એ લોકોની કેફિયત કે પોતાના વિશેનાં બયાનો સાંભળીએ ત્યારે એમની આ અંગેની ઉંડાઈનો આપણને અનુભવ થાય છે..ઘણીવાર તો પ્રેમ માટેની ઝંખના જ માણસને સર્જક અથવા તો સંત બનાવે છે.એવાં ઉદાહરણ આપણી આસપાસ અનેક હોય છે..

લાગણીની ભૂખ ના સંતોષાય ત્યારે એનામાં એક વિષાદ ઉભો થાય છે..વાસ્તવથી વિમુખ થતાં જ એક કલ્પના જગત ઉભું થઈ જાય છે..કલ્પના વિહાર એ માણસનો આમાંથી છુટવાનો સોદો ઉપાય છે..બહારથી બરછટ લાગતા માણસની ભીતર ભવ્ય ભાવજગત ઝળહળતું હોય એવું આપણે ઘણીવાર અનુભવીએ છીએ..'કયારેક કાચ સામે કયારેક સાચ સામે..થાકી જવાનું કાયમ તલવાર તાણી તાણી...'ચિનુ મોદી માણસની મથામણને આ રીતે વ્યક્ત કરે છે..!યુધ્ધો કે લડાઈઓમાં મળતા પરાજય કરતાં આવા પરાજયો વધારે કારમા હોય છે..

ઘણીવાર આપણે નિરર્થકતાનો એહસાસ કરીએ છીએ..બરાબર મહેનત કરી હોય,નિષ્ઠા દાખવી હોય તોય પરિણામ વિફળ હોય..આવા સમયે સાર્થકતા નો અભાવ માણસને કોરી ખાય છે...સભરતા હંમેશાં પ્રસન્નતા આપે છે પરંતુ એ માટે માત્ર પુરુષાર્થ નહી જીવન પ્રત્યેનો અભિગમ પણ મહત્વની ભૂમિકા નિભાવે છે..નાનું સરખું કાર્ય કે નાનકડી સંબંધની લકીર જયારે તૃપ્તતાનો અનુભવ કરાવે છે ત્યારે આપોઆપ આનંદ છવાઈ જતો હોય છે.સતત ધમાલ અને અવિરત આયામો પછી પણ કંટાળાજનક વિફળતાની અનુભૂતિ થાય તો ટકી રહેવું મુશ્કેલ બની જાય છે..આપણી મથામણ કયારેક સાચી દિશાની તો કયારેક કાચી કેડીની હોઈ શકે. બંનેમાં થાક ચોકકસ લઘુતમ સામાન્ય ઘટના હોય તો પણ એક તરફ સાર્થકતા અને બીજી તરફ એકવિધતાનો એહસાસ ઉભય પક્ષે અલગઅલગ પરિણામો આપે છે..આપણુ ગંતવ્ય જયારે ગણિત બની જાય ત્યારે ખાલીપો છવાઈ જાય છે..સભરતાનું કર્તવ્ય આપણને ભીતરબહાર તરબતર કરી જાય છે..!

# "દરબાર સાહેબ : અનોખા અને અજોડ રાજવીર

મહારાણા પ્રતાપ નેક તથા ટેકને સાચવવા અરવલ્લીની ગિરીમાળાઓમાં અનેક તકલીફો વચ્ચે ફરતા હતા. કવિરાજા કેશરીસિંહજી બારહઠઠે પ્રતાપ માટે લખ્યું છે તેમ "પગ પગ ભમ્યા પહાડ, ધરા છાંડ રાખ્યો ધરમ" જેવી આ સ્થિતિ



હતી. સમાન પ્રકારની જ વીરતાની તથા ફનાગીરીની વાત દરબાર ગોપાળદાસની હતી. સરદાર સાહેબે તા. ૩૦-૦૯-૧૯૨૨ના નવજીવનના અંકમાં લખ્યું કે દરબાર સાહેબ રાજપાટ છોડી ગુજરાતના ગામડાઓમાં સૂકો રોટલો ખાઈને પગપાળા ફરી પ્રજાની સેવા કરે છે. હક્કથી મળેલી અઢળક મિલ્કતને પણ સ્વરાજ્ય ધર્મ માટે ખોવા તૈયાર થયેલા આ દરબાર સાહેબ ક્ષાત્રત્વના ખરા પ્રતિનિધિ છે. સરદાર સાહેબે કહ્યું કે ગોપાળદાસ દરબારનો ત્યાગ ગુજરાતના ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાશે, દેશની મુક્તિ માટેની કેવી ઝંખના આ લોકોમાં હશે તેની કલ્પના જ કરવી રહી. માતૃભૂમિની મુક્તિ એ જ આ મરજીવાઓની પહેલી તથા છેલ્લી અભિલાષા હતી.

ગોપાળદાસ સૌરાષ્ટ્રના ઢસાના જાણીતા રાજવી હતા. રાજવી અને રાજ્યની પ્રજા વચ્ચે પિતા-પુત્ર જેવો મીઠો સંબંધ હતો. મહાત્મા ગાંધીએ દરબાર સાહેબના ત્યાગની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. દરબાર સાહેબનો દાખલો અન્ય રાજવીઓએ લેવો જોઈએ તેવી વાત પણ ગાંધીજીએ નવજીવનમાં લખી. આ રાજવીની ઓળખ આપણાં સાંપ્રત સમાજને હોવી જોઈએ. અંગ્રેજીમાં તેમના પર પુસ્તક લખાયું છે. તેનો અનુવાદ નવજીવને પ્રકાશિત કર્યો છે. (એક અનોખો રાજવી). દરબાર સાહેબ પરના ઈંગ્લીશ પુસ્તકની પ્રસ્તાવના રાજમોહન ગાંધીએ લખી છે. રાજમોહન ગાંધીએ તેમાં એક વસવસો વ્યક્ત કર્યો છે. રાજમોહન ગાંધી કહે છે કે આવા રાજવી વિશે તેઓ ખાસ કશું જાણતા ન હતા. ખરેખર રાજમોહન ગાંધીનો આ વસવસો જેઓ દરબાર સાહેબ વિશે ખાસ કશું જાણતા ન હોય તેમને પણ થાય તેવું છે. આપણે આપણાં જ બહુમૂલ્ય રત્નોને ઓળખીએ નહિ તો એ નુકશાની આપણી જ છે. આપણી ભાવિ પેઢીઓની છે. ઝવેરચંદ મેઘાણીએ પણ દરબાર સાહેબની કથા લખી છે. દરબાર સાહેબને જયારે સંપત્તિ તથા સ્વમાન વચ્ચે પસંદગી કરવાની આવી ત્યારે તેમણે સ્વમાનને વહાલું ગણ્યું. સૌરાષ્ટ્રનું પોતાનું રાજ્ય નેક તથા ટેકને કારણે ગુમાવ્યું. ગુમાવ્યાનો કોઈ વસવસો નહિ. જીવ્યા ત્યાં સુધી ભરપૂર જીવ્યા અને અનેક સંસ્થાઓના ઘડતરમાં પોતાનું યોગદાન આપ્યું. આમ તો ગોપાળદાસ દેસાઈ(દરબાર) મધ્યગુજરાતના વસો ગામના હતા પરંતુ તેમનું જીવન મોટા ભાગે સૌરાષ્ટ્રમાં ગયું. પોતાના રાજ્યમાં સંપૂર્ણપણે માનવતાવાદી વલણ એ તેમની મહત્તા હતી. ગુજરાત સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી બનેલાં ઢેબરભાઈ, બળવંતરાય મહેતા, જીવરાજ મહેતા તેમજ બાબુભાઈ જશભાઈ પટેલ દરબાર સાહેબ પાસેથી ઘણું પામ્યા હોવાનું કહેતા હતા. રજવાડાઓના દેશ સાથેના જોડાણમાં સ્વેચ્છાએ રાજ્ય ત્યાગ કરનારાઓની હરોળમાં ભાવનગરના પુણ્યશ્લોક રાજવી કૃષ્ણકુમારસિંહજી તથા દરબાર ગોપાળદાસ અગ્રસ્થાને હતા.

દરબાર ગોપાળદાસ સ્વાતંત્ર્ય પછીના ગુજરાત-સૌરાષ્ટ્રના નેતાઓમાં વિશેષ સ્થાને હતા. જો કે કોઈ પદ કે પ્રતિષ્ઠાની સહેજ પણ આકાંક્ષા દરબાર સાહેબમાં ન હતી તે વાત સર્વ સ્વીકૃત છે. દરબાર સાહેબ તેમના જમાનાથી વિચારો અને વર્તનમાં ઘણાં આગળ હતા. સમાજના છેવાડાના કે લઘુમતી વર્ગના પ્રશ્નો માટે તેઓ વિશેષ સજાગ હતા. એમના પત્ની અને આપણાં મોટા ગજાના સામાજિક કાર્યકર ભક્તિબા જો પુત્રીને જન્મ આપે તો જ્ઞાતિના બંધનોની તેમજ તેની સાથે જોડાયેલી તમામ રૂઢિગત માન્યતાઓની અવગણના કરીને તેઓ દીકરીનો વિવાહ કરશે તેવો તેમનો સંકલ્પ હતો. રાજમોહન ગાંધી જેવા મોટા ગજાના લેખક-સંશોધકે દરબાર સાહેબ પર લખવાનું નક્કી કર્યું તે પણ એક સૂચક બાબત છે. જો કે લેખક પોતે જ તેની સ્પષ્ટતા કરે છે. લેખક માને છે કે દેશના સર્વાંગી વિકાસ માટે નેતાઓમાં કેટલાક ગુણો હોવા અનિવાર્ય છે. આ ગુણોમાં સાદાઈ, નિખાલસતા તેમજ દ્રઢતા જેવી બાબતોનો સમાવેશ થાય છે. દરબાર સાહેબની પ્રકૃતિમાં જ આ ગુણો વણાયેલાં હતા. દરબાર સાહેબની પ્રામાણિક જીવન પદ્ધતિ આજના સંદર્ભમાં પ્રેરણાદાયક છે. રાજવી પોતાની પ્રજાના યુવાન વર્ગ સાથે તાલ મિલાવીને દાંડિયા-રાસ રમે તે બાબત તે સમયમાં કલ્પનાતીત હતી. ૧૯૨૦માં મહાત્મા ગાંધી તિલક સ્વરાજ્ય ફંડ એકઠું કરવા વઢવાણ આવ્યા. દરબાર સાહેબે ગાંધીજીની ટહેલના પ્રત્યુત્તરમાં વજનદાર સોનાનો દાગીનો ઝોળીમાં નાખ્યો. પોતાની ઓળખ છાની રાખવા પ્રયાસ કર્યો. ગાંધીજીએ આગ્રહ કર્યો ત્યારે સભાના એક ખૂણામાં બેઠેલા દરબાર સાહેબે પોતાની ઓળખ આપી. બાપુનો દરબાર સાહેબ તરફનો સ્નેહભાવ સ્થાયી હતો. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિને મજબૂત કરવામાં તેમનો સિંહફાળો રહ્યો. રાજકોટમાં વિરાણી કન્યા વિદ્યાલય તથા 'શારદાગ્રામ' જેવી ઉત્તમ સંસ્થાઓ દરબાર સાહેબના પ્રયાસોથી ઉભી થઈ અને વિકાસ પામી. આ સંસ્થાઓ એ જ તેમના ખરા સ્મારકો છે. ડિસેમ્બર-૧૯૫૧ સુધી તેઓ જીવ્યા અને કાર્યરત રહ્યા.




દરબાર સાહેબના જીવનસાથી ભક્તિબા લીંબડી રાજ્યના દિવાનની પુત્રી હતા. તેમનો ઉછેર સાધન સંપન્ન કુટુંબમાં થાય તેવો હતો. સાધન સગવડોની કમી ન હતી. પરંતુ લગ્ન બાદ દરબાર સાહેબને અનુકૂળ થઈ સ્વરાજ્યની લડતના એક સૈનિક તેઓ બની ગયા. બોરસદની લડત તથા નાગપુર ઝંડા સત્યાગ્રહમાં પણ જોડાયા. હસતા મુખે કઠિન કહી શકાય તેવો જેલવાસ ભોગવ્યો. બ્રિટિશ સરકારે અન્યાયી રીતે દરબાર સાહેબનો વિશાળ બંગલો સીલ કરીને જપ્તીમાં લીધો. ભક્તિબા એક વીરાંગનાને છાજે તે રીતે હથિયાર સાથે એ ગેરકાયદેસર સીલ તોડવામાં અગ્રજ હતા. મણિબહેનની જેમ સાદગીભર્યા જીવનની તેમની પસંદગી હતી. માર્ચ-૧૯૯૪ સુધી તેઓ જીવ્યા અને અનેક સંસ્થાઓ માટેનો આધાર બની રહ્યા. ભક્તિબાનું જીવન પણ નારી જીવનની એક વિશેષ ચેતનાને છાજે તેવું ભવ્ય છે.

ગાંધીયુગની આકાશગંગામાં અનેક તેજસ્વી તારકો ઝળહળે છે. દરબાર સાહેબ અને ભક્તિબા આ સમૂહના જ મહત્વના ભાગ છે. રાજવી હોવા છતાં તમામ સંપત્તિ તરફનો આવો અનાસક્તિભાવ એ દરબાર સાહેબની સહજ પ્રકૃતિમાં હતો. દરબાર સાહેબની સ્મૃતિ વિસરી શકાય તેવી નથી.

# કાળઝાળ ગરમીમાં મોટી સજા કઈ ?

ઉનાળાની કાળઝાળ ગરમીમાં સૌથી મોટી સજા કઈ ?

રાત્રે અગાસીમાં સૂવા જઈએ ત્યારે મસ્ત ઠંડો પવન વાતો હોય ને સરસ ઊંઘ આવી જાય પછી અધરાતે - મધરાતે - પવન પડી જાય અને આપણે કપડાં ને પથારી સહિત ભીના ભીના (પરસેવાથી, ભાઈ !) થઈ જાગી જઈએ તે ?

કે તડકામાં અનિવાર્ય કામ સર સ્કૂટર લીને નીકળ્યા હોઈએ ને અચાનક સ્કૂટરના ટાયરમાં પંકચર પડે યા બ્રેક કે કલચ વાયર તૂટી જાય એટલે સ્કૂટરને નજીકના ગેરેજ કે પંકચર કરનારા સુધી ખેંચીને લઈ જતા ભર ગરમીમાં જે 'લેફ્ટ રાઈટ' લેવાઈ જાય તે ?

કે ઉનાળાના વેકેશનમાં બે-ચાર દિવસ કયાંક બહારગામ ફરવા જવાનું પ્લાનિંગ કરતા હોઈએ ત્યાં તો કોઈ સગું-વહાલું સપરિવાર આપણે ઘરે 'ઘણા વખતથી તમે આવો.... આવો કરતાં હતા તે લો આવી ગયા....' કહેતા વેકેશન 'માણવા' માથે આવી તે ?

કે પછી રજાના દિવસે બપોરે, રસપૂરી જમાવી સૂતા હોઈએ અને પાવર ફેઈલ્યોર થતાં પંખા-એ.સી. બંધ થઈ જાય એટલે ગરમીથી 'ત્રાહિમામ્ - ત્રાહિમામ્' પોકારી જવાય તે ?

અમારા આ એક પ્રશ્નના જવાબના આટલા વિકલ્પો સાંભળી, એણાં બીજી કઈ કઈ સજા હોઈ શકે તે ડિકશનને બદલે એક મિત્રએ કહ્યું : 'સાચું કહું દોસ્ત, ઈલેકટ્રિક પાવર જતાં પંખા-એ.સી. બંધ થઈ જાય ત્યારે વાઈફ અકળાઈને બૂમ પાડે કે 'જુઓ.... ચેક કરતે ને લાઈટને શું થયું છે ?' ને મીટર બોર્ડમાં જોયા પછી મને કંઈ ખબર નથી પડતી...' કહું ત્યારે બોલી ઊઠે કે 'તમને તો કશું આવડતું નથી.' એ સાંભળીને થતી બળતરા ઉનાળામાં ગરમી - બફારા કરતા દઝાડી મૂકે છે !! જો કે મારા ઘરમાં લાઈટ જાય કે હું તરત તપાસ કરી લઉં કે આસપાસ બધાંની લાઈટ ગઈ છે કે એકલા મારા ઘરની ? જો બધે 'પાવર કટ' હોયતો મને પત્ની - પ્રકોપમાંથી ને 'તમને કંઈ ખબર નથી પડતી 'ના વાક્બાણ પ્રહારમાંથી થોડા અંશે રાહત મળી જતી હોય છે...'

સાચી વાત છે યાર દરેક પત્નીને, ઘરમાં ઊભી થતી કોઈ પણ સમસ્યાને તરત જ ઉકેલી શકે એવી આવડતવળો 'પરફેકટ' પતિ જ જોઈતો હોય છે. નળ બગડ્યો હોય, ગેસ બંધ થઈ ગયો હોય, ઈલેકટ્રિક એપ્લાયન્સ અટકી પડ્યું હોય કે બારી - બારણાં બંધ થતાં ન હોય તો 'આ તો સામાન્ય બગડ્યું છે, તમને કેમ ના ખબર પડે - કેમ ના કરી શકો ? કહી પતિદેવ પાસે 'હર સમસ્યા કા હલ'ની અપેક્ષા રખાતી હોય છે....

'હર સમસ્યાનો હલ' કાઢવામાં બાપડા પુરુષની દશા હળ ખેંચનાર બળદ જેવી ભલે થઈ જાય!!)

વાતને અનુમોદન આપતાં બીજા મિત્રએ ઉમેર્યું : પોતે ભલે ગરોળી - વંદો જોઈને ચીસાચીસ ને કૂદમકૂદ કરી મૂકે, પણ પતિ ઘરમાં સાપ ઘૂસી સગયો હોય તો એને પકડીને બહાર ફેંકી આવે એવી વીરતા બહાદુરી બતાવી શકવા 'શક્તિમાન' હોવો જરૂરી છે... નહીં તો 'ફલાણા બહેનના હસબન્ડ' કેવા હોંશિયાર છે.... બદું એમને આપડે....' એવી કોમેન્ટ સાંભળવી પડે તે સ્વાભાવિક છે!!'

'કારણ કે દરેક મહિલાને 'મેરી સાડી દૂસકી કી સાડી સે જયારા સફેદ - જયાદા અચ્છી જોઈતી હોય છે ને?' બીજા એક મિત્રે વીમેન્સ માઈન્ડ એનાલિસીસ એક્સપર્ટ તરીકે પોતાનો ઓપિનિયન આપ્યો.'




અમારી વાતો શાંતિથી સાંભળી રહેલા અને અત્યાર સુધી જાત ઉપર સ્વભાવ પર અંકુશ રાખીને મૌન સાંભળી રહેલા રેડઅંકલે ચર્ચામાં ઝૂકાવ્યું : 'પ્રભુએ ખાસ નવરાશના સમયે જ સ્ત્રી જાતનું સર્જન કર્યું છે એટલે બહેનો પુરુષો કરતાં વિશિષ્ટ શક્તિ ને પ્રકૃતિ ધરાવતી શક્તિ ને પ્રકૃતિ ધરાવતી જોવા મળે છે.'

પત્ની કંઈક માંગણી કરે ત્યારે એનો અવાજ કેવો સૌમ્ય - નમ્રતાભર્યો હોયછે પણ જો એ ના સ્વીકારાઈ તો એ જ અવાજ કેવો કર્કશ ને ઘાંટાઓ થઈ જતો હોય છે?'

લાલાકાકાની કોમેન્ટ સાંભળી સૌ હસી પડ્યા એટલે મૂડમાં આવી જઈ અંકલે આગળ ચલાવ્યું : 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ એવું જે કહેવાયું છે તે સદંતર ખોટું છે... સ્ત્રીની બુદ્ધિ તો પુરુષના પગે પાણી ઉતરાવે એવી હોય છે!'

અંકલની વાત સાંભળી અને એમને પૂછ્યું : 'કાકી તમારા પગે પાણી ઉતરાવે છે એમને !'

'જુઓ ભાઈ, કહી રેડ અંકલે અમારા જ ઘરેથી લઈ ગયેલ મનસૂર કુરેશીના 'હઝલસંગ્રહ' માંથી વાંચેલો શેર ફટકાર્યો.'

'દોષ ના દેશો મને ના મશ્કરી કરશો હવે,
આ જમાનામાં બધાયે જોરુના ગુલામ છે!'
અને
'ઘરમાં તો કયાં કરું છું
કદી 'ચૂ કે ચાં' ય પણ
મિત્રો માં હાંક્યે રાખું છું
એમ જ બડાઈને !'

રેડ અંકલના 'શેર' સાંભળી અમારી 'ચોકઠા પરિષદ' મોજમાં આવી ગઈ એટલે ઊભા થતાં કાકાએ વધુ એક 'સીકસર' ફટકારી :

'અરે ! દાંપત્યજીવનની હજારો આપદાઓ છે,
છતાં જીવી રહ્યો છું હું, જગતને નવાઈ છે!'

બધા 'વાહ... વાહ' બોલી ઊઠ્યા એટલે રેડ અંકલે માગણી મૂકી : 'અલ્યા તમને મેં આટલી મોજ કરાવી તેના અને તમને તો હવે ૩૮ ને ૪૨ ટકા ડી.એ. મળવાનું છે એટલે બહુ પૈસા મળશે તેના માનમાં તમારામાંથી કોણ મને આજે શેરડીનો રસ પીવડાવે છે?'

'આવી ગયા અંકલ અસલ જાત પર
મફતિયું માણવાના સ્વભાવ પર!'

એવો સસ્તો 'શેર' સંભળાવી પંચાલભાઈ અંકલથી આઘા ખસી ગયા ને 'ચોકઠા પરિષદ' વિખરાઈ..... અંકલને શેરડીનો રસ પીવા નહીં મળે તો અમને ચેન નહીં પડવા દે માનીન અમે એમને શેરડીના સંચે લઈ ગયા ને એમની ઈચ્છાનો 'મોક્ષ' કર્યો.

# રાધા નામ સકલ સુખ સારા




'ચાલીશા' એક રીતે ભક્તિકાવ્યનો જ પ્રકાર છે. મધ્યકાળથી શરૂ થયો છે. એમાં - લગભગ ચાલીસ ચોપાઈઓ હોય, ઈષ્ટ દેવ કે દેવી, સંતપુરુષનું મહિમાગાન હોય, આરંભ પહેલાં દોહરો હોય, આરંભ પછી દોહહો હોય, કર્તાનું નામ હોય પણ, અને ન પણ હોય, રચના સમય છે કે રચના સ્થળનો ઉલ્લેક હોય કે ન પણ હોય. 'હનુમાન ચાલીસા' આનું પરિપૂર્ણ અને અતિ પ્રસિદ્ધ ઉદાહરણ છે.

જેઠ સુદ છઠ્ઠની તિથિ - ભગવતી રાધાના પ્રાગટ્યના ઉત્સવની તિથિ છે. એમની સ્તુતિમાં, 'રાધા ચાલીસા' ની રચના થઈ છે. આમાં કર્તાનું નામ નથી, રચના, સમય કે રચના સ્થળનો ઉલ્લેખ નથી. સ્તુતિનું નામ છે. 'રાધા ચાલીસા.'




(૧) આરંભ પહેલાનો દોહરો -
શ્રીરાધે વૃષભાનુજા,ભક્તનિ પ્રાણાધાર.
વૃન્દાવન વિપિન વિહારિણી, પ્રણવોં વારંવાર
(૨) અંત પછીનો દોહરો :-
શ્રી રાધા સર્વેશ્વરી, રસિકેશ્વર ઘનશ્યામ.
કરહું નિરંતર બાસમૈં, શ્રી વૃંદાવનધામ.
(૩) પ્રારંભ -
જય વૃષભાન કુંવરિ શ્રી શ્યામા,
કીરતિ નંદિની શોભા ધામા.
(૪)અંત -
વૃન્દાવન હૈ શરણ તિહારૌ,
જય જય જય વૃષભાનુ દુલારી.
(૫) સ્વરુપ -
નિત્ય કિશોરી રાધા ગોરી,
શ્યામ પ્રાણધાન અતિ જિય ભોરી.
કરુણા સાગર હિય ઉમંગિનિ,
લલિતાદિક સખિયન કી સંગિની.
(૬) વિહારસ્થળ -
દિનકર કન્યાકૂલ બિહારિનિ.
(યમુનાને કાંઠે વિહાર કરે, સૂર્યની કન્યા (યમુના)ને કાંઠે. સરસ વિશિષ્ટ પ્રયોગ છે.)
(૭) નિત્ય પ્રેમ -
નિત્ય શ્યામ તુમરૌ ગુણ ગાવે,
રાધા રાધા કહિ હરષાવેં.
મુરલી મેં નિત નામ ઉચારે.
(૮) સૌંદર્ય -
ગૌરાંગી શશિ નિંદક બદના,
શુભગ ચપલ અનિયારે નયના.
(૯) બંનેનો પ્રેમ -
રાધાકૃષ્ણ કૃષ્ણ કહૈં રાધા,
એકરૂપ દોઉ પ્રીતિ અગાધા.
(૧૦) રાધા વિના કૃષ્ણભક્તિ અધૂરી -
તાઉન શ્યામ ભક્ત હિં અપનાવેં,
જબ લગિ રાધા નામન ગાવે.
(૧૧) મહિમા -
નામ અમંગલ મૂલન સાવન,
ત્રિવિધ તાપ હર હરિમન ભાવન.
રાધા નામ પરમ સુખદાઈ,
ભજનહિં કૃપા કરહિં યદુરાઈ,
પશુમતિનંદન પીછે ફિરિ હૈં.
જો કોઈ રાધા નામ સુમિરિહૈ.
ભગવતી રાધાને ભક્તિ સભર વંદન.
(આધાર સ્થાન,ચાલીસા સંગ્રહ)